**4:30PM**
**ફો.કેસ નં. :–૫૩૦/૨૦૧૩**
**આંક:–૧૧૪**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

મારું નામ:– મનસુખભાઈ પિતા/પતિનું નામ:– રતીલાલ પટેલ

ઉ.વ.:– ૬૧

ધંધો:– ખેતી સરનામુ:– હળવદ. તા.હળવદ જી.મોરબી

**સોગંદ આપ્યા.....**

**સરકારશ્રી તર્ફે સરતપાસ એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

**(૧.૧)** હુ દશ બાર વર્ષ અગાઉ મામલતદાર કચેરી પાસેથી નિકળેલો ત્યારે પોલીસે એક તૈયાર પંચનામામા મારી સહી લીધેલી શુ બાબતનુ પંચનામુ હતુ તેની મને ખબર નથી મારી હાજરીમાં પોલીસે કોઈ ઈસમોને પકડેલ હોય અને તેઓએ દસ્તાવેજો રજુ કરેલ હોય અને પોલીસે તે કબજે કરેલ હોય તેવુ બનેલ નહી મને મુદ્દામાલ પાવતી નંબર ૬૨/૨૦૦૮ના આર્ટીકલ નંબર ૧ થી ૫ બતાવવામાં આવે છે તેમાં પંચ–૧ તરીકે મારી સહી છે, જે હુ ઓળખુ છુ જે રજુ **આંક–૧૧૫ થી ૧૧૯**

મને એક અટક પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં પંચ–૧ તરીકે મારી સહી છે જે હુ ઓળખુ છુ જે અટક પંચનામુ રજુ દાખલ **આંક–૧૨૦**

આરોપીઓને હુ ઓળખતો નથી.

સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલ જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિ. કલમ ૧૫૭ મુજબ સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા, પરવાનગી આપવામા આવે છે.

(૧.૧)એ વાત ખરી છે કે " તા.૨૦/૪/૨૦૦૮ના રોજ કલાક ૦૦.૩૦ થી કલાક ૧.૩૦ સુધી હળવદ પો.સ્ટે.ફસ્ર્ટ ગુ.ર.નં. ૪૭/૨૦૦૮ના કામે આરોપીઓને અટક કરવાના હોય અને બાનાખત તથા દસ્તાવેજ કબજે લેવાના હોય જેથી પોલીસે અમોને પંચમા રહેવા સમજ કરતા પંચમાં રહેલ એ વાત ખરી નથી કે, હળવદ પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. રુમમાં ચાર ઈસમો બેઠેલ હતા જે પૈકી પ્રથમ ઈશમનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ ભુદરભાઈ લવજીભાઈ પટેલ રહે. હળવદવાળા હોવાનુ જણાવેલ અને તેઓએ રુપીયા ૨૫ ના સ્ટેમ્પ ઉપર લખેલ દસ્તાવેજ રજુ કરતા જે વંચાણે લેતા પટેલ ભુદરભાઈ લવજીભાઈએ તા.૨૫/૭/૧૯૭૨ના રોજ સર્વે નંબર ૩૧૯ વાળી જમીન પટેલ ચતુરભાઈ ભગવાનભાઈએ લખી આપેલ બાનાખત અસલ હતુ જે જમીન રુપીયા એક હજારમાં બાનાખત કરી વેચાણ રાખેલ જે અસલ બાનાખત આંક–૧૧૫ વાળુ પોલીસે તપાસ અર્થે કબજે કરેલ તેમાં પંચ –૧ તરીકે મારી સહી લીધેલ

ત્યારબાદ બીજા ઈશમનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ પ્રફુલભાઈ મોહનલાલ રહે.હળવદવાળા હોવાનુ જણાવેલ એક દસ્તાવેજ રજુ કરેલ તે રુપીયા ૫૦ ના સ્ટેમ્પ પેપર ઉપર કબજા સહીતનો બાનાખત પટેલ ભુદરભાઈ લવજીભાઈએ કરી આપેલાનુ વંચાણે લેતા જોવામાં

આવેલ જે સર્વે નંબર ૩૧૯ વાળી તા.૨૫/૭/૧૯૭૨ના રોજ અઘાટ વેચાણ રુપીયા એક લાખ પચાસ હજારમાં કરેલ હતુ અને જેમાં લખી આપનાર તથા લખાવી લેનાર તથા સાક્ષીની સહીઓ પાછળના ભાગે કરેલ હતી. જે અસલ દસ્તાવેજ આંક-૧૧૬ પોલીસે તપાસ અર્થે કબજે કરેલ છે અને તેમાં પંચ -૧ તરીકે મારી સહી લીધેલ.

ત્યારબાદ ત્રીજા ઈશમનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ પોપટભાઈ લઘરાભાઈ દલવાડી રહે.હળવદવાળા હોવાનુ જણાવેલ એક દસ્તાવેજ રજુ કરેલ તે રુપીયા ૧૦ ના સ્ટેમ્પ પેપર ઉપર કબજા સહીતનો બાનાખત મહેતા પ્રફુલભાઈ મોહનલાલ પાસેથી લખાવી લીધેલ હતુ જે વંચાણે લેતા જોવામાં આવેલ જે સર્વે નંબર ૩૧૯ વાળી જમીનના બાનાખતમાં લખાવી લેનાર તથા લખી આપનાર અને સાક્ષી મનજીભાઈ પ્રભુભાઈ તથા ખીમાભાઈ સામાભાઈની સહીઓ હતી જે અસલ દસ્તાવેજ આંક-૧૧૭ પોલીસે તપાસ અર્થે કબજે કરેલ છે અને તેમાં પંચ -૧ તરીકે મારી સહી લીધેલ.

ત્યારબાદ ચોથા ઈશમનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ રહીમભાઈ તાજભાઈ લોલાડીયા રહે.હળવદવાળા હોવાનુ જણાવેલ એક દસ્તાવેજ રજુ કરેલ તે રુપીયા ૫૦ ના સ્ટેમ્પ પેપર ઉપર અઘાટ વેચાણ ખતનો દસ્તાવેજ તથા કાચાકાગળમાં બાનાખત તા.૨૮/૧ /૨૦૦૭નુ રજુ કરતા જેમાં રુપીયા ૫૦ ના સ્ટેમ્પમાં તા.૧/૨/૨૦૦૭ના રોજ દલવાડી પોપટભાઈ લઘરાભાઈ પાસેથી સર્વે નંબર ૩૧૯ વાળી જમીન આશરે હેકટ આરે ૩-૧૯-૧૫ રુપીયા ચાર લાખ પચ્ચીસ હજારમાં વેચાણ રાખેલ જેમાં પાછળના ભાગે લેનાર તથા લખી આપનારની સહીઓ હતી અને છેલ્લે દિનેશભાઈ પોપટભાઈની સહી હતી જે આંક-૧૧ ૮ તથા ૧૧૯ વાળા દસ્તાવેજો પોલીસે તપાસ અર્થે કબજે કરેલ અને તેમા પંચ-૧ તરીકે મારી સહી લીધેલ." એ વાત ખરી નથી કે, અમારી હાજરીમાં પોલીસે આરોપીઓને અટક કરેલ હોય મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ આંક-૧૧૫ થી ૧૧૯ વાળા દસ્તાવેજો કબજે કરેલ હોવા છતા અને અમારી રુબરુમાં તે અંગેનુ પંચનામુ કરી પંચનામામા સહી લીધેલ હોવા છતા આરોપીઓને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એન.બી.મહેતા**

(૨.૧) એ વાત ખરી છે કે, સહી કર્યા સિવાયની કોઈ હકિકત હુ જાણતો નથી.

**ફેરતપાસ નથી.**

**હળવદ.**

**તા.૪/૬/૨૦૨૫**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

***5:13pm***

**3:30PM**
**ફો.કેસ નં. :–૫૩૦/૨૦૧૩**
**આંક:–૧૦૯**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | |
|---|---|
| મારું નામ:– દિપકભાઈ | પિતા/પતિનું નામ:– ધીરજલાલ શ્રવણ |
| ધર્મ:– હીન્દુ | ઉ.વ.:– ૪૯ |
| ધંધો:– પીટીશન રાઈટર | સરનામુ:– હળવદ. તા.હળવદ જી.મોરબી |

**સોગંદ આપ્યા.....**

**સરકારશ્રી તર્ફે સરતપાસ એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

**(૧.૧)** હુ સને.૨૦૧૨ કે ૨૦૧૩ ના વર્ષમાં મામલતદાર કચેરી હળવદમાં મારા પિતા ધીરજલાલ નાગજીભાઈ શ્રવણ પીટીશન રાઈટર તરીકે કામગીરી કરતા હતા તેમની સાથે હુ કામગીરીની મદદગારીમાં હતો. ત્યારે હળવદ પોલીસ સ્ટેશનના પોલીસ ધ્વારા મને તલાટી કમ મંત્રી હળવદની કચેરીમાં જુની મામલતદાર ઓફીસની બાજુમાં આવેલ ઓફીસમાં મને બોલાવેલ અને કાગળમાં સહી કરવા જણાવતા મે સહી કરેલી અને પોલીસે મને બે થી ત્રણ વખત બોલાવેલો મારી હાજરીમાં પોલીસવાળા કાઈ કબજે કરેલ હોય તેવી મને ખબર નથી અને મારી રુબરુમાં કોઈ લખાણ કબજે કરેલ નથી. મને મુદ્દામાલ પાવતી ૧૨૫/૨૦૧૦નુ આર્ટીકલ નંબર –૧ માર્ક એન/૧ બતાવવામાં આવે છે જેમાં મારી પંચ નંબર –૧ તરીકે સહી હુ ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક ૧૧૦**

મને લખાણ કબજે કર્યાનુ તા.૧૨/૧૦/૨૦૧૦ના રોજનુ પંચનામુ બતાવાવમાં આવે છે તેમાં પંચ નંબર –૧ તરીકે મારી સહી હુ ઓળખી બતાવુ છુ જે પંચનામાની ખરી નકલ રજુ દાખલ **આંક–૧૧૧**

મને મુદ્દામાલ પાવતી ૧૩૫/૨૦૧૦નુ આર્ટીકલ નંબર –૧ માર્ક એન/૨ બતાવવામાં આવે છે જેમાં મારી પંચ નંબર –૧ તરીકે સહી હુ ઓળખી બતાવુ છુ, જે રજુ દાખલ **આંક ૧૧૨**

મને લખાણ કબજે કર્યાનુ તા.૧૬/૧૧/૨૦૧૦ના રોજનુ પંચનામુ બતાવાવમાં આવે છે તેમાં પંચ નંબર –૧ તરીકે મારી સહી હુ ઓળખી બતાવુ છુ જે પંચનામાની ખરી નકલ રજુ દાખલ **આંક–૧૧૩**

સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય વિ. એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી સદર સાહેદને ફરી ગયેલ જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિ. કલમ ૧૫૭ મુજબ સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા, પરવાનગી આપવામા આવે છે.

(૧.૧)એ વાત ખરી છે કે " તા.૧૨/૧૦/૨૦૧૦ના રોજ કલાક ૧૧/૦૦ થી ૧૧/૩૦ દરમ્યાન સી.આઈ.ડી.ક્રાઈમ સુરેન્દનગરના પી.આઈએ અમોને મામલતદાર સાહેબની કચેરી હળવદખાતે બોલાવેલ. એ વાત ખરી નથી કે, હળવદ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૪૭/૨૦૦૮ના કામના આરોપી દીલીપભાઈ વાડીલાલ શેઠ હળવદ સ્ટેટ તલાટીનાઓને પોલીસ રીમાન્ડ ઉપર હોય અને ગુન્હાના કામે હસ્તાક્ષરવાળા રેકર્ડની જરુરત હોય જે હસ્તાક્ષરવાળુ રેકર્ડ સ્ટેટ તલાટી

હળવદની કચેરીમાંથી કબજે કરવાનુ હોય જેથી પંચમાં રહેલ. એ વાત ખરી નથી કે, હળવદ મામલતદાર સાહેબની કચેરીમાં સ્ટેટ તલાટીશ્રી પ્રધ્યુમનસિંહ એમ.મોરી સ્ટેટ તલાટી તરીકે ફરજ બજાવતા હતા તેઓએ આ કામના આરોપી દીલીપભાઈ વાડીલાલ શેઠના હસ્તાક્ષરવાળુ રેકર્ડ રજુ કરતા હોય જે જોતા ફાઈલ ઉપર લોકલ ફંડ (ખેતી) ચલણની ફાઈલ ૨૦૦૬-૦૭ લખેલ હતુ જેમાં ખોલી જોતા ચલણ નંબર-૧૧ તા. ૩૦/૭/૨૦૦૭ જેમાં પાછળના ભાગે જોતા પહોચોનુ પત્રક હસ્તાક્ષરમાં ભરેલ હતુ તે અનુક્રમ નંબર ૧ થી ૨૭ સુધીનુ હતુ તે ચલણમાં નીચે હળવદ તલાટીના સ્ટેમ્પ ઉપર આરોપી દીલીપભાઈ વાડીલાલ શેઠની અંગ્રેજીમાં સહી કરેલી હતી અને મામલતદાર હળવદના સ્ટેમ્પના હોદા ઉપર મામલતદાર સાહેબની સહી હતી જે પત્રક દીલીપભાઈ વાડીલાલ શેઠે પોતે ફરજ ઉપર ચાલુ હતા તે સમયે પોતાના હસ્તાક્ષરમાં લખેલ તે ચલણ પોલીસે ગુન્હાના કામે અમો પંચની સહી લઈ કબજે કરેલ અને તે બાબતનુ પંચનામુ કરી અમારી પંચ તરીકે સહી લીધેલી".

એ વાત ખરી છે કે " તા.૧૬/૧૧/૨૦૧૦ના રોજ કલાક ૧૬/૩૦ થી ૧૭/૦૦ દરમ્યાન સી.આઈ.ડી.ક્રાઈમ સુરેન્દનગરના પી.આઈએ અમોને મામલતદાર સાહેબની કચેરી હળવદખાતે બોલાવેલ. એ વાત ખરી નથી કે, હળવદ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૪૭/૨૦૦૮ના કામના આરોપી વિનોદકુમાર ઠાકોરપ્રસાદ દવે હળવદ સ્ટેટ તલાટીનાઓને પોલીસ રીમાન્ડ ઉપર હોય અને ગુન્હાના કામે હસ્તાક્ષરવાળા રેકર્ડની જરુરત હોય જે હસ્તાક્ષરવાળુ રેકર્ડ સ્ટેટ તલાટી હળવદની કચેરીમાંથી કબજે કરવાનુ હોય જેથી પંચમાં રહેલ. એ વાત ખરી નથી કે, હળવદ મામલતદાર સાહેબની કચેરીમાં સ્ટેટ તલાટીશ્રી પ્રધ્યુમનસિંહ એમ.મોરી સ્ટેટ તલાટી તરીકે ફરજ બજાવતા હતા તેઓએ આ કામના આરોપી વિનોદકુમાર ઠાકોરપ્રસાદ દવેના હસ્તાક્ષરવાળુ રેકર્ડ રજુ કરતા હોય જે જોતા ફાઈલ ઉપર લોકલ ફંડ (ખેતી) ચલણની ફાઈલ ૨૦૦૬-૨૦૦૭ લખેલ હતુ જેમાં ખોલી જોતા ચલણ નંબર લખેલ નથી જેની તા. ૨૯/૬/૨૦૦૭ હતી જેમાં પાછળના ભાગે જોતા પહોચોનુ પત્રક હસ્તાક્ષરમાં ભરેલ હતુ તે અનુક્રમ નંબર ૧ થી ૧૬ સુધીનુ હતુ તે ચલણમાં નીચે હળવદ તલાટીના સ્ટેમ્પ ઉપર આરોપી વિનોદકુમાર ઠાકોરપ્રસાદ દવેની અંગ્રેજીમાં સહી કરેલી હતી અને મામલતદાર હળવદના સ્ટેમ્પના હોદા ઉપર મામલતદાર સાહેબની સહી હતી જે પત્રક વિનોદકુમાર ઠાકોરપ્રસાદ દવેએ પોતે ફરજ ઉપર ચાલુ હતા તે સમયે પોતાના હસ્તાક્ષરમાં લખેલ તે ચલણ પોલીસે ગુન્હાના કામે અમો પંચની સહી લઈ કબજે કરેલ અને તે બાબતનુ પંચનામુ કરી અમારી પંચ તરીકે સહી લીધેલી". એ વાત ખરી નથી કે, અમારી હાજરીમાં પોલીસે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ આંક-૧૧૦ તથા ૧૧૨ના ચલણો કબજે કરેલ હોવા છતા અને અમારી રુબરુમાં તે અંગેનુ પંચનામુ કરી પંચનામામા સહી લીધેલ હોવા છતા આરોપીને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એન.બી.મહેતા**

**(૨.૧)** એ વાત ખરી છે કે સને.૨૦૧૦માં પીટીશન રાઈટર તરીકે મારા પિતા કામ કરતા હતા.એ વાત ખરી છે કે, મારા પિતા ઉમર લાયક હોવાથી હુ માત્ર મદદ કરવા જતો હતો. એ વાત ખરી છે કે, તલાટીની ઓફીસ મામલતદાર ઓફીસ પાછળ તીજોરી કચેરીની બાજુમાં હતી. એ વાત ખરી છે કે, એ તલાટીની ઓફીસમાં હળવદ સ્ટેટના તલાટી સિવાય અન્ય કોઈ તલાટી બેસતા ન હતા. એ વાત ખરી છે કે, ગામડાના તલાટી તાલુકા પંચાયત અને મામલતદાર કચેરીમાં દર ગુરુવારના રોજ મીટીંગ હોય ત્યારે હાજર રહેતા હતા. એ વાત ખરી છે કે, પીટીશન રાઈટર મામલતદાર કચેરીની બહાર કમ્પાઉન્ડમાં બેસતા હતા. એ વાત ખરી છે કે, હળવદ મામલતદાર કચેરી અને હળવદ પોલીસ સ્ટેશનની કમ્પાઉન્ડની એક જ દિવાલ હતી. એ વાત ખરી છે કે, હાલ હુ મારા પિતાજીની જગ્યાએ મામલતદાર કચેરીમાં પીટીશન રાઈટર તરીકે છુ. એ વાત ખરી છે કે, આંક-૧૧૦ અને આંક-૧૧૨માં માત્ર સહી કરેલ છે. એ વાત ખરી છે કે, આંક-૧૧૦ અને આંક-૧૧૨ના દસ્તાવેજો શેના હતા તે અત્યારે જોયા પછી ખબર પડેલ છે તે અગાઉ

મે જોયેલ નથી. એ વાત ખરી છે કે આંક–૧૧૧ અને આંક–૧૧૩ના પંચનામામા માત્ર સહી કરેલ છે. એ વાત ખરી છે કે, પંચનામાનુ લખાણ કઈ તારીખે લખેલ તે હુ જાણતો નથી.

**ફેરતપાસ નથી.**

**હળવદ.**

**તા.૪/૬/૨૦૨૫**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

***4:28pm***

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી વિ. એ.પી.પી.શ્રી દ્વારા ભારતીય પુરાવા અધિ. કલમ ૧૫૪ મુજબ સાહેદને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા, પરવાનગી આપવામા આવે છે.*
**સરકારશ્રી તર્ફે ઉલટ તપાસ :– એ.પી.પી.શ્રી. એ.પી.માલવણીયા દ્વારા**

**આ કામે કેસ સને ૨૦૧૬ નાં વર્ષનો હોય અને આરોપીને ઘણા સમન્સ–વોરંટ કાઢવા છતા હાજર રહેતા ન હોય તેમના વિરુધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલો. આજરોજ પણ આરોપી તર્ફે કોઈ હાજર ન હોય તેમનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવે છે.**